ફિલ્મ ટી.વી

★ રાકેશ ઠક્કર

# 2025 માં પણ ઘણી કોમેડી ફિલ્મો મનોરંજન કરશે!

નવા વર્ષમાં નવી ફિલ્મોની જાહેરાત માટે દર્શકોમાં ભારે ઉત્સુકતા રહે છે. 2025 માં એક પછી એક નવી કોમેડી ફિલ્મોની જાહેરાત થઈ રહી છે એમાં નિર્દેશક પ્રિયદર્શનની ‘હેરાફેરી 3’ સૌથી વધુ ધ્યાન ખેંચી રહી છે. નવાઈની વાત એ છે કે અન્ય નિર્માતાઓની જેમ કોઈ પોસ્ટર કે ટીઝર મૂકવાને બદલે ટ્વીટર પર ફિલ્મની જાહેરાત થઈ છે. પ્રિયદર્શનને 68 મા જન્મદિને અક્ષયકુમારે સોશ્યલ મીડિયા પર શુભેચ્છા પાઠવી ત્યારે એમણે સામેથી ભેટ આપતા ‘હેરાફેરી 3’ બનાવવાની જાહેરાત કરી હતી. સુનીલ શેટ્ટી સાથે પરેશ રાવલને પણ એ માટે તૈયાર રહેવા કહ્યું હતું. 2000 ના વર્ષથી શરૂ થયેલી ‘હેરાફેરી’ની સીરિઝ યાદગાર રહી છે ત્યારે શ્યામ, રાજુ અને બાબુભૈયા સાથે તેનો ત્રીજો ભાગ જોવાની આતુરતા વધી ગઈ છે. આ ફિલ્મ જલદીથી બનાવવામાં આવે તો સારું છે કેમ કે એનો બીજો ભાગ 19 વર્ષ પહેલાં આવ્યો હતો. એ પહેલાં પ્રિયદર્શનની અક્ષયકુમાર અને પરેશ રાવલ સાથેની હોરર- કોમેડી ‘ભૂત બંગલા’ આવશે. જેમાં 14 વર્ષ પછી અક્કી સાથે તબ્બુ જોવા મળશે. રાજપાલ યાદવ પણ એમાં કોમેડી કરી રહ્યો છે. અક્ષયકુમાર માટે આ વર્ષ સારું રહેવાની શક્યતા ‘સ્કાય ફોર્સ’ને સારો આવકાર મળ્યા પછી વધી ગઈ છે અને કોમેડી ફિલ્મો વધુ આવવાની હોવાથી દર્શકોમાં ફરી પોતાનું સ્થાન બનાવી શકે છે. આ વર્ષે જો વિવાદ આગળ નહીં વધે તો 10 એપ્રિલે અરશદ વારસી સાથેની ‘જોલી એલએલબી 3’ થિયેટરમાં આવવાની છે પરંતુ એ દિવસે સની દેઓલની ‘જાટ’ આવવાની હોવાથી તારીખમાં ફેરફાર થઈ શકે છે. ફિલ્મમાં અક્ષયકુમાર અને અરશદ વારસીની જેમ રામ કપૂર પણ એક વકીલ તરીકે દેખાશે.



વધુ એક કોમેડી ફિલ્મની જાહેરાત થઈ છે એમાં અર્જુન કપૂર છે. ‘સિંઘમ અગેન’માં પહેલી વખત વિલન બનીને મિશ્ર પ્રતિભાવ મેળવનાર અર્જુન રોમેન્ટિક- કોમેડી ફિલ્મ ‘મેરે હસબન્ડ કી બીવી’ લઈને 21 મી ફેબ્રુઆરીએ આવશે. ફિલ્મના પોસ્ટરમાં એક હીરોઈન રકુલપ્રીત સિંહ જ હતી. બીજી હીરોઇન ભૂમિ પેડનેકરનો ચહેરો હવે જાહેર કર્યો છે અને લખ્યું છે કે આ લવ ટ્રાયંગલ નથી સર્કલ છે! નિર્દેશક મુદસ્સર અઝીઝ અગાઉ ‘પતિ પત્ની ઔર વો’ અને ‘ખેલ ખેલ મેં’ જેવી ફિલ્મો આપી ચૂક્યા છે. ફિલ્મનું ટ્રેલર એમાં સારી સિચ્યુએશનલ કોમેડી હોવાની આશા જગાવી રહ્યું છે કેમ કે એમાં સ્ટેન્ડઅપ કોમેડીયન હર્ષ ગુજરાલ છે. અસલમાં અર્જુન મલાઇકા અરોરાથી અલગ થઈ ગયો છે અને હજુ લગ્ન કર્યા નથી પણ ફિલ્મમાં બે સ્ત્રીઓ વચ્ચે ફસાયેલા માણસની ભૂમિકા કરી રહ્યો છે.

# પરેશ રાવલની ‘ધ સ્ટોરી ટેલર’ માં અસલી વાર્તા છે!

નિર્દેશક અનંત મહાદેવનની ફિલ્મ ‘ધ સ્ટોરી ટેલર’ની વાર્તા જેને સમજમાં આવી જાય છે એ બાકીની કમીઓ ભૂલી શકે છે. આવી ફિલ્મોનો એક અલગ વર્ગ છે જ. સત્યજીત રેની વાર્તા પર આધારિત બે વર્ષ પહેલાંની આ ફિલ્મ અનેક આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવોમાં પસંદ આવી ચૂકી છે. બોલિવૂડમાં મસાલા ફિલ્મો વચ્ચે આવી ફિલ્મોની પણ જરૂરિયાત ઓછી નથી. આવી ફિલ્મો જ બોલિવૂડને સન્માન અપાવી શકે છે. આજના રીમેકના સમયમાં આવી અસલી ફિલ્મો ઓછી બને છે. દર્શકો એને જોવામાં રસ બતાવશે તો વધુ બનશે એ નક્કી છે. સમીક્ષકોએ 5 માંથી 4 સુધી સ્ટાર આપી ફિલ્મને પસંદ કરીને કહ્યું છે કે આવી ફિલ્મો દિલને નહીં આત્માને સ્પર્શી જાય છે. IMDB પર 10 માંથી 7.1 રેટિંગ મળ્યું છે. ફિલ્મને જોવાની, સાંભળવાની જ નહીં અનુભવવાની પણ જરૂર પડે છે. ટૂંકમાં વાર્તા એવી છે કે એક અમીર બિઝનેસમેન દ્વારા એક વાર્તાકારને નોકરી પર રાખવામાં આવે છે. બિઝનેસમેનને ઊંઘ આવે એ માટે વાર્તાકાર રાત્રે વાર્તાઓ સંભળાવે છે. વાર્તામાં ત્યારે વળાંક આવે છે જ્યારે બિઝનેસમેનનો ઇરાદો કોઈ અલગ હોવાની વાર્તાકારને ખબર પડે છે. ફિલ્મની વાર્તાની ગતિમાં થોડી વધુ ઝડપ રાખવાની જરૂર હતી. પરેશ રાવલની OTT પર આવેલી નવી ફિલ્મ ‘ધ સ્ટોરી ટેલર’ તામઝામ વગરની હોવાથી નવી પેઢીને બહુ આકર્ષી શકે એવી નથી કેમ કે નિર્દેશકે ફિલ્મને કમર્શિયલ બનાવવાનો કોઈ પ્રયત્ન પણ કર્યો નથી. એની વાર્તા સાચા વાચક અને ભાવક સુધી પહોંચે એના પર ધ્યાન આપ્યું છે. માંડ બે કલાકની હોવા છતાં વાર્તા ધીમી ગતિએ ચાલે છે. એમાં વાર્તાકાર જે વાર્તાઓ સંભળાવે છે એ દિલચસ્પ હોવા છતાં એનું ફિલ્માંકન સારી રીતે થયું નથી. એક સારી વાત એ છે કે અંત સુધી રહસ્ય છુપાવવામાં આવ્યું હોવાથી ચોંકાવી દે છે. નિર્દેશકે બંગાળી અને ગુજરાતી પરંપરાઓ અને જીવનશૈલીને હાસ્યમાં બતાવી છે એનાથી વાત દિલચસ્પ બને છે. કેટલાંક દૃશ્ય અને કલાકારોનો અભિનય એને ફુરસદના સમયમાં જોવાલાયક બનાવે છે. પરેશ રાવલને કોમેડી ફિલ્મોની સાથે ગંભીર ભૂમિકાઓમાં પણ પસંદ કરવામાં આવે છે. ‘ધ સ્ટોરી ટેલર’માં એક બંગાળી તરીકે પરેશ રાવલ ભૂમિકાને જીવી જાય છે. કોઈ સાચું પાત્ર પડદા પર જોતાં હોય એવું લાગે છે. જ્યારે ગુજરાતી તરીકે આદિલ હુસૈનનું કામ કમાલનું છે.




# ઉઝબેકનું સ્વિત્ઝર્લૅન્ડ: ચિમગન





વિસ્મયની સફરે

★ મુકુર પેટ્રોલવાળા

ઉઝબેકિસ્તાનમાં, અમે પહેલાં જોયેલા દેશો - કઝક અને કિર્ગિઝ્સ્તાન જેવું કુદરતી સૌંદર્ય નથી. એ મોટા ભાગે સપાટ મેદાન અને રણથી ભરેલો છે એટલે જ કદાચ ત્યાંના સમરકંદ - બુખારા લડવૈયા માટે જાણીતા બન્યા અને અમારી ત્યાંની મુસાફરી ઈતિહાસની ગલીઓમાં અમને લઈ ગઈ પણ એ આખા રણ પ્રદેશમાં ‘ઓએસિસ’ - વીરડી સમાન જગ્યા હોય તો તાશકંતથી બે કલાકના અંતરે આવેલ પશ્ચિમી ટિયેન શાન પર્વતમાળાનો ચીમગન માઉન્ટન. સમરકંદથી પાછા ફર્યા પછી અમારે આ મીઠી વીરડી સમાન પ્રદેશની મુલાકાત લેવાની હતી.

અમારા ગાઈડ આવી ગયા હતા. એ વયોવૃદ્ધ સોવિયેત આર્મીના રિટાયર્ડ સૈનિક હતા અને સૈનિકને છાજે એમ ટટ્ટાર અને શિસ્તબદ્ધ વર્તન કરતા. આમ અમને ટૂરમાં જાત જાતના ગાઈડનો અનુભવ થયો - અલ્માટીમાં મધ્ય આયુનો ઓછાબોલો ગાઈડ તો બીસ્કેક અને સમરકંદમાં યુવાન અને ઉત્સાહી વિદ્યાર્થીઓ અને આખરે તાશકંતમાં આ ભાઈ. બધાને એવું પૂછવાની મજા આવે કે સોવિયેત સમયમાં સારું હતું કે હમણાં? મોટે ભાગે લોકો જોખી જોખીને જવાબ આપે. ચિમગન પર્વતમાળા સુંદર છે પણ ઉનાળામાં કંઈ ખાસ નવીન લાગતી નથી. શિયાળામાં અહીં સ્કી કરી શકાય છે એટલે એને ઉઝબેક સ્વિત્ઝર્લૅન્ડ પણ કહે છે. પણ એ વાઉ ફેક્ટર અમને ચાર્વાક લેક પહોંચતા મળ્યું. ચીરચીક નદી પર બાંધેલા અનેક બંધમાંથી સૌથી ઉપરના ડેમને કારણે બનેલ આ માનવસર્જિત રીઝર્વોયર ઘણું મોટું છે.

ચાર્વાક નામ ચાર બાગ પરથી પડ્યું છે એવું જાણીએ ત્યારે આપણી રોજબરોજની ભાષામાં કેટકેટલા પર્શિયન શબ્દ ઘર કરી ગયા છે તેનો ખ્યાલ આવે. ચાર્વાક લેક પર બોટિંગ અને થોડા વોટર સ્પોર્ટ્સ છે પણ અમને પસંદ પડ્યું પેરાગ્લાઈડિંગ! થોડા લોકોએ ઉત્સાહથી તો બાકીનાએ બીજાના દબાણથી પેરાગ્લાઈડિંગની મજા લીધી! લેક અને પર્વતમાળા પર વિહંગયાત્રા કરવી એ સાચે જ અદભુત અને ‘ઓસમ’ અનુભવ છે! મારા પેરાગ્લાઈડિંગ ઈન્સ્ટ્રક્ટરે મને કહ્યું કે એ દર વર્ષે ગોવા અને હિમાચલ પણ આવે છે. થોડા મહિના પછી અહીં સમાચાર જોયા કે આ બેઉ જગ્યાએ પેરાગ્લાઈડિંગ અકસ્માતમાં લોકો મૃત્યુ પામ્યા ત્યારે આ અનુભવ ફરી યાદ આવ્યો. એ જો પહેલા થયું હોત તો કદાચ અમે એ હિમ્મત ન કરતે!

લેક પરથી બે પર્વતના ટોચ પર જવાય છે. એક જગ્યાએ ચેરલિફ્ટ છે તો બીજે કેબલ કાર. તે સમયે ચેરલિફ્ટ બંધ હતી એટલે અમે કેબલ કારથી ઉપર ગયા. ટોચ પરથી ચીરચીક નદી, ચાર્વાક લેક અને ડેમનો સરસ વ્યૂ જોવા મળ્યો. આપણે બધાએ શિરીન - ફરહાદની પ્રેમી જોડીનાં નામ તો સાંભળ્યાં હશે. જો કે એમની વાર્તા રોમિયો-જુલિયેટ કે લૈલા મજનૂ જેટલી જાણીતી નથી. એ પર્શિયન દંતકથાના મૂળ અહીં છે. રાજકુમારી શીરીનના લગ્ન બીજા પ્રાંતના રાજા ખુશરુ સાથે થવાના છે પણ એને પોતાની પ્રજા માટે પાણી / દૂધની નદી જોઈએ છે. તે કામ શિલ્પી ફરહાદને સોંપવામાં આવે છે. ફરહાદ શીરીનના પ્રેમમાં પડે છે. ખુશરુ ફરહાદને પહાડ કોતરી નદી લાવી શકે તો શીરીનનો હાથ આપવાનું વચન આપે છે. ખૂબ મહેનત પછી ફરહાદને

**રાજકુમારી શીરીનના લગ્ન બીજા પ્રાંતના રાજા ખુશરુ સાથે થવાના છે પણ એને પોતાની પ્રજા માટે પાણી / દૂધની નદી જોઈએ છે. તે કામ શિલ્પી ફરહાદને સોંપવામાં આવે છે. ફરહાદ શીરીનના પ્રેમમાં પડે છે. ખુશરુ ફરહાદને પહાડ કોતરી નદી લાવી શકે તો શીરીનનો હાથ આપવાનું વચન આપે છે. ખૂબ મહેનત પછી ફરહાદને સફળતા મળે છે પણ કામ પતી ગયું એટલે ખુશરુ ફરી જાય છે અને શીરીન મરી ગઈ એવું કહે છે. આઘાતમાં પડેલો ફરહાદ આત્મહત્યા કરે છે અને આ વાત જાણીને શીરીન પણ મોત વહાલું કરે છે**

સફળતા મળે છે પણ કામ પતી ગયું એટલે ખુશરુ ફરી જાય છે અને શીરીન મરી ગઈ એવું કહે છે. આઘાતમાં પડેલો ફરહાદ આત્મહત્યા કરે છે અને આ વાત જાણીને શીરીન પણ મોત વહાલું કરે છે. આ ફરહાદનું પૂતળું અહીં ડેમ પાસે મૂકવામાં આવ્યું છે પણ રિસ્ટ્રીકટેડ એરિયા હોવાથી અમે એ દૂરથી જ જોઈ શકયા.

આ બધું ફરી અમે તાશકંત થોડા વહેલા પાછા આવ્યા. સમરકંદની દોડધામ પછી આ દિવસ થોડો આરામદાયક રહ્યો, એ ગમ્યું. પહેલા દિવસની રેસ્ટોરન્ટમાં અમને મજા નહોતી આવી એટલે તે દિવસે અમે અમારી હોટલમાં જ રાજ કપૂર નામની રેસ્ટોરન્ટમાં ભોજન લીધું. અહીં ખાવાનું સારું હતું એટલે તે માણી, રૂમમાં આરામ કરવા પહોંચી ગયા.

# બુમરાહે બેન્ડ કોલ્ડપ્લેને કાનૂની નોટિસ કેમ મોકલી!? .

લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

બેન્ડના પ્રખ્યાત મુખ્ય ગાયક ક્રિસ માર્ટિને બુમરાહને એક ગીત સમર્પિત કર્યું હતું. ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ 26 જાન્યુઆરીએ આંતરરાષ્ટ્રીય બેન્ડ કોલ્ડપ્લેના શોમાં પહોંચ્યા હતા. કોલ્ડપ્લેનો છેલ્લો કોન્સર્ટ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાયો હતો. સ્ટેડિયમ ખીચોખીચ ભરેલું હતું. બુમરાહે અહીં ખૂબ મસ્તી કરી. વિશ્વભરના લાખો લોકો પ્રખ્યાત કોલ્ડપ્લે બેન્ડના દિવાના છે. આ દરમિયાન બેન્ડના પ્રખ્યાત મુખ્ય ગાયક ક્રિસ માર્ટિને બુમરાહને એક ગીત સમર્પિત કર્યું હતું.

આ દરમિયાન ક્રિસ માર્ટિને મજાકમાં એમ પણ કહ્યું હતું કે - મેચ દરમિયાન બુમરાહ ઈંગ્લેન્ડને પરેશાન કરે તે તેમને ગમ્યું નથી. તેમણે બુમરાહ માટે સોંગ બનાવીને કેટલીક પંક્તિઓ પણ સમર્પિત કરી હતી.

કોલ્ડપ્લે બેન્ડે બુમરાહને રિસ્પેક્ટ આપતાં તેની સહી કરેલી ટેસ્ટ જર્સી પણ સ્ટેજ પરથી પ્રદર્શિત કરી હતી. અલબત્ત, આવું આ પહેલી વાર નથી થયું. કોલ્ડપ્લેએ ભારતમાં તેમના કોન્સર્ટ દરમિયાન બુમરાહનો અગાઉ પણ ઉલ્લેખ કર્યો હતો. આ પહેલાં પણ તેણે મુંબઈમાં એક શો દરમિયાન બુમરાહને યાદ કર્યો હતો.

આ દરમિયાન, સ્ટેજ પરથી બુમરાહની બોલિંગ સામે ઈંગ્લેન્ડના બેટ્સમેનોની પડતી વિકેટોની ક્લિપ્સ પણ બતાવવામાં આવી



હતી. મારા પ્રિય ભાઈ બુમરાહ, તું દુનિયાનો શ્રેષ્ઠ બોલર છે, જ્યારે અમે તને ઈંગ્લેન્ડ સામે એક પછી એક વિકેટ લેતા જોઈએ છીએ ત્યારે અમને તે ગમતું નથી. આ જ શો દરમિયાન ક્રિસ માર્ટિને મજાકમાં કહ્યું હતું કે કોન્સર્ટ દરમિયાન બુમરાહના નામનો ઉપયોગ કરવા બદલ બેન્ડને તેના વકીલો તરફથી કાનૂની નોટિસ મળી છે. નોટિસ વાંચતી વખતે માર્ટિને મજાકમાં કહ્યું હતું કે, ‘‘મને ખૂબ દુઃખ છે પણ મારે જસપ્રીત બુમરાહના વકીલનો પત્ર વાંચવો પડશે. હું આવું નહીં કરું તો મને જેલમાં મોકલી શકાય છે અને અમે અમદાવાદમાં શો કરી શકીશું નહીં.’’

તમને જણાવી દઈએ કે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની છેલ્લી ટેસ્ટ મેચમાં બુમરાહને પીઠમાં ઈજા થઈ હતી. ત્યારથી તે ભારતીય ટીમમાંથી બહાર છે. આ કારણોસર તેને ઈંગ્લેન્ડ સામેની T20 અને વન ડે ટીમમાં સામેલ કરવામાં આવ્યો નથી. મુખ્ય પસંદગીકાર અજિત અગરકરે કહ્યું છે કે બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફીના ગ્રુપ મેચોમાં રમશે કે નહીં તે તેની ફિટનેસ પર નિર્ભર રહેશે. એવી અપેક્ષા છે કે તે 19 ફેબ્રુઆરીથી શરૂ થનારી ચેમ્પિયન્સ ટ્રોફી સુધી ફિટ થઈ જશે.

# બંધબેસતી પાઘડી પહેરવી નહીં!


સમુદ્ર એક કિનારા અનેક

★ નરેન્દ્ર જોશી

જૂની રંગભૂમિ ના કોઈક નાટકનો પડદો ઉપડ્યો અને હાસ્ય કલાકાર મંચ પર આવ્યો અને મંચ પર રાખેલા ટેબલ પરથી જુદા જુદા માપની પાઘડી પહેરી જોઈ અને જે બંધ બેસતી થઈ કે પહેરી લીધી ! અને પ્રેક્ષકો સામે જોઈને હસીને કહ્યું: તમે આવું ના કરતા. આ નાટકની વાર્તાના પાત્રો કાલ્પનિક છે. એને સાચા માની લેતા નહીં અને બંધ બેસતી પાઘડી પહેરી લેતા નહીં. હેટ ના પ્રદેશમાંથી આવેલું મનાતું આ ધારદાર સત્ય સૂત્ર તરીકે ગોઠવવાની 1932ની હોલીવૂડની એક ફિલ્મની ઘટના સમગ્ર વિશ્વનાં સર્જન સાહિત્યની દિશા બદલનારી નીવડી હતી.

ધાર્મિક સાહિત્ય, લોક કથા, પુરાણ કથા, દંતકથા વગેરે કથા સાહિત્યમાં ઈતિહાસ પ્રત્યે વફાદારી અનિવાર્ય નથી પણ જ્યારે ઈતિહાસને હાથ ધરવા બેસો ત્યારે ગપ્પાં નહીં ચાલે એ સત્ય આ ફિલ્મથી વિશ્વભરમાં પ્રચલિત થયું.

ઈતિહાસની કડવી ગોળી ચગળવી એને જ ગમે જેને કડવાશ નથી જોઈતી પણ જેને ઈતિહાસના કારમા ઘા સહેવા પડ્યા હોય એનું શું? ઐતિહાસિક ઘટનામાં ઈતિહાસ જાળવી સર્જક કેટલી છૂટ લઈ શકે? દ્રશ્ય માધ્યમ નાટક પૂરતું સીમિત હતું ત્યાં સુધી ઝાઝો ઉહાપોહ થતો ન હતો પણ ફિલ્મ રૂપે કથા કે ચિરંજીવ સ્વરૂપ ધારણ કર્યું ત્યારે સૌથી ભયંકર પછડાટ હોલિવૂડમાં મેટ્રો- ગોલ્ડન- મેયર સ્ટુડિયો એ ખાધી અને ફિલ્મ ઉદ્યોગની દિશા બદલાઈ ગઈ. 1932માં ‘રાસ્પુતીન એન્ડ ધી એમ્પ્રેસ’ફિલ્મ આવી ત્યારે તેને મિશ્ર આવકાર મળ્યો હતો અને લોકોમાં તેણે રસ જગાવ્યો હતો પણ વિવેચકો કે પ્રશંસકોમાં ખાસ પ્રિય થઈ ન હતી અને સાધારણ ગુણવત્તાવાળી ફિલ્મ બની રહી હતી પણ...





આ ફિલ્મમાં ઐતિહાસિક અને હકીકત દોષ ઘણા હતા પણ તેને લોકોનો આવકાર મોળો મળવા માટે આ કારણ ન હતું. ફિલ્મમાં સચ્ચાઈ કેટલી તેની લોકોને ખાસ પડી ન હતી પણ એક વ્યક્તિ-રશિયાની રાજકુમારી ઈરીના ઉર્ફે નતાશાએલેક્ઝાન્ડ્રોવા યુસુપોવને લાગી આવ્યું અને તેણે આ ફિલ્મના સર્જક મેટ્રો- ગોલ્ડન -મેયર સ્ટુડિયો પર દાવો માંડી દીધો. ઈરીના ઝારશાહી યુગની રાજકુમારી હતી અને તે દેશવટો ભોગવતી હતી. તેને લાગ્યું કે આ ફિલ્મ મને અન્યાય કરે છે. તેણે બદનાક્ષી નો દાવો માંડ્યો અને જીતી પણ ગઈ. ફિલ્મ સર્જકોએ તે જમાનામાં 1.25 લાખ (આજે 25 લાખથી વધુ) ડોલર ચૂકવવા પડ્યા પણ વાતનું પૂર્ણવિરામ અહીં નથી આવતું. યુસુપોવ દંપતીને બદનક્ષી પેટે તે જમાના ની ભારે રકમ ચૂકવ્યા પછી દુનિયાભરમાં મનોરંજન ઉદ્યોગમાં એક નોંધપાત્ર પરિવર્તન આવ્યું. છેલ્લા રશિયન ઝાર એટલે કે શહેનશાહ નિકોલસ બીજાના શાહી પરિવાર પર મોહિની નાખનાર ગૂઢ પુરુષ ગ્રીગોરી રાસ્પુતીનને ઝેર આપનાર લોકોમાં ઈરીનાના પતિ ફેલિક્સ યુસુપોવનું નામ પણ બોલાતું હતું. ‘રાસ્પુતીન એન્ડ ધી એમ્પ્રેસ’ફિલ્મમાં એવું વર્ણન આવે છે કે રાસ્પુતીન ઈરીના સાથે અનૈતિક સંબંધ બાંધે છે અને તેને માટે કાવાદાવા કરે છે. ફેલિક્સે ફિલ્મ સર્જકો પર બદનક્ષીનો દાવો માંડ્યો કે આ પ્રસંગના આલેખન થી ઈરીનાની આબરૂને બટ્ટો લાગ્યો છે. ફિલ્મમાં એવું વર્ણન આવે છે કે રશિયા ની રાણી એટલે કે ઝરીના તેના મોટા દીકરાને તેની અતિ રક્તસ્રાવની બીમારી ના ઈલાજ માટે લાવે છે અને રાસ્પુતીન તેને સાજો પણ કરે છે અને તેના બદલામાં પોતાની ભેદી શક્તિ વાપરી રાજકુમારને પોતાનો માનસિક ગુલામ બનાવે છે.

દરેકને રાસ્પુતીન પર ભરોસો હોય છે પણ રાજકુમારને લાગે છે કે રાસ્પુતીન સામ્રાજ્ય પર વચ્ચે જમાવવા માંગે છે. તેણે પત્ની નતાશા ને વાત કરી પણ નતાશા એ પોતાના પતિની યોજના ની વાત રાસ્પુતીનને કરી અને રાસ્પુતીને નતાશાને સંમોહિત કરી એને મગજમાં એવું ઠસાવ્યું કે તે હવે પત્ની બનવાને પાત્ર નથી નતાશા પર બળાત્કાર કર્યો. મેટ્રો ગોલ્ડન મેયરે અહીં જ હકીકત સાથે બળાત્કાર કર્યો હોવાનો આક્ષેપ થયો હતો. હકીકત એવો નિર્દેશ આપતી હતી કે ફેલિક્સે રાસ્પુતીનને સાઈનાઇડની કાતિલ ઝેરી કેક ખવડાવી હતી અને ગોળીબાર પણ કર્યો હતો પણ નતાશા અને રાસ્પુતીન ક્યારેય મળ્યા જ ન હતા. ફિલ્મ સર્જકોને ખબર હતી કે તેઓ ઈતિહાસ સાથે રમત રમે છે. એક કથા સંશોધકે સર્જકોને ચેતવ્યા પણ હતા કે ગપગોળા પર ફિલ્મ નહીં બનાવો. સર્જકોએ તેને કહ્યું :તું તારે ઘેર જા. આ ફિલ્મ રજૂ થઈ ત્યાં સુધીમાં રશિયન ક્રાંતિ સમાપ્ત થઈ ગઈ હતી અને શાહી પરિવારના તમામ સભ્યોને મોતની સજા અપાઈ ચૂકી હતી, પણ નતાશા અને ફેલિક્સને ક્રાંતિ શરૂ થઈ તે પહેલા રાસ્પુતીનની હત્યા બદલ દેશ નિકાલ કરવામાં આવ્યો હતો. યુસુપોવ દંપતી હવે શાહી દંપતી ન હતું પણ પેરિસમાં સામાન્ય વ્યક્તિ તરીકે જીવન પસાર કરતું હતું. તેણે આ ફિલ્મ વિશે જાણ્યું ત્યારે તેમને પૈસાની સખત જરૂર હતી તેથી તેમને ફિલ્મ સર્જકો સામે દાવો માંડ્યો કે રાસ્પુતીન અને નતાશા વચ્ચેના દ્રશ્યો બદનક્ષી કરનાર છે અને સત્ય થી વેગળા છે. અદાલતે વળતર અપાવ્યું અને ફિલ્મ ને દાયકાઓ સુધી પાછી ખેંચાવી અને વાંધાજનક દશ્યો કાપવાની ફરજ પાડી.

અદાલતે બીજી એક વાત એવી કહી જેની ફિલ્મ ઉદ્યોગ પર લંબા ગાળાની અને ઘેરી અસર પડી. એક ન્યાયાધીશે ટકોર કરી કે ફિલ્મ સર્જકોએ ફિલ્મની શરૂઆતમાં જ કથાનક બાબતમાં હાથ ખંખેરી નાખવાના હતા કે આ પાત્રો કાલ્પનિક છે અને કોઈ પણ અસલ વ્યક્તિનું પ્રતિનિધિત્વ કરતા નથી. સર્જકોએ ફિલ્મની સુધારેલી અને સંપાદિત આવૃત્તિ રજૂ કરી જેમાં સૌપ્રથમ એવી જાહેરાત કરવામાં આવી કે આ ફિલ્મના પાત્રો કાલ્પનિક છે અને તેને વાસ્તવિક લોકો સાથે કંઈ લેવાદેવા નથી. માત્ર હોલીવૂડના જ નહીં આખી દુનિયા ના ફિલ્મ સર્જકો ચોંકી ઉઠ્યા કે ઈતિહાસ સાથે સર્જક તરીકે કેટલી છૂટ લેવી તેની મર્યાદા આવે છે. ઈતિહાસના નામે કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા ઠોકમઠોક નહીં કરી શકે તેને બદલે વાર્તા કે/અને પાત્રો કાલ્પનિક છે તેવી જાહેરાત કરીને ફિલ્મ રજૂ કરવાથી કાનૂની દાવપેચમાંથી મુક્તિ મળે છે. હા જીવન ચરિત્ર આધારિત ફિલ્મોમાં અને અન્ય પ્રકારની વાસ્તવદર્શી ફિલ્મોમાં સાચી ઘટના દ્વારા પ્રેરિત છે એવું લખવું પડે છે. ‘ટાઈટેનિક’ હોય કે ‘ગાંધી’ ફિલ્મ હોય કે ‘તોરા,તોરા, તોરા ‘હોય કે આપણા મહાકાવ્યો અને પુરાણ પરથી બનેલી ફિલ્મ કે સિરિયલ હોય ત્યારે ગમે તેટલી ઐતિહાસિક સચ્ચાઈની ચકાસણી કરવામાં આવે તોય તેને પડકારવા માટે કેટલાક લોકો તૈયાર જ હોય છે.હા, કેટલીક ઐતિહાસિક અને કટાક્ષ ફિલ્મોમાં સર્જકો પોતાની કૃતિ ઐતિહાસિક તથ્યો પર આધારિત હોવાનો દાવો કરી હકીકતને વળગી રહેવાની કોશિશ કરે છે એ વાત જુદી છે. પોષાકમાં અત્યારે પાઘડીનું સ્થાન છે કે નહીં તે ચર્ચાનો વિષય છે પણ સર્જન ક્ષેત્રે હજી બંધબેસતી પાઘડી પહેરવાની મનાઈ છે.